# પેથાપુરની જમીનના ખોટા દસ્તાવેજ ઉભા કરી વેચાણ કરવા ફરતા બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરની નજીક જમીનના ભાવ આસમાનને આંબી રહ્યા છે. ત્યારે જમીનના ખોટા દસ્તાવેજ તૈયાર કરીને બારોબાર વેચનાર ભુમાફિયા પણ સક્રિય થઈ ગયા છે. ત્યારે પેથાપુર ગામને અડીને આવેલી સાડા ચાર વિઘા જમીનના ખોટા કાગળો ઉભા કરીને વેચાણ કરવા ફરતા બે શખ્સો ઝડપાયા છે. બે કરોડમાં જમીન વેચાણ કરવા ફરતા શખ્સોને સામે અસલી જમીન માલિક ભટકાયા હતા. એક દશકા પહેલા જમીન વેચાણ કરનાર મુળ માલિકના પુત્ર એ જ અન્ય શખ્સ સાથે મળીને આ તરકટ ઉભુ કર્યું હતું. આ અંગે તેઓએ આધારકાર્ડ, ચુંટણીકાર્ડ અને પાનકાર્ડ પણ નકલી બનાવ્યું હતું.બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ વિજાપુર તાલુકાના પામોલ ગામના અને હાલ અમદાવાદ આંબલી ખાતે આવેલા શાંતિ નિવાસમાં રહેતા હતીશ પ્રભુદાસ ચૌધરી (ઉં.વ.૪૫) સે-૨૧ પોલીસ મથકે નોંધાયેલી ફરીયાદ મુજબ તેમના પિતા પ્રભુદાસભાઈ જોઈતારામ ચૌધરી ૧૦ વર્ષ પહેલા પેથાપુરમાં સર્વે નંબર ૩૦૮,૩૦૯-૩ ની આશરે સાડાચાર વિઘા જમીન પેથાપુરના રતનસિંહ ડાભી પાસેથી ખરીદી હતી. એક વર્ષ જમીન માલિકે સાચવ્યા પછી પ્રભુદાસભાઈના પરિવારે કબ્જો લઈ લીધો હતો. જે મુદે રતનસિંહ ડાભીના દિકરા ઘનશ્યામસિંહ સાથે મનદુખ થયું હતું. ફરીયાદ મુજબ ઘનશ્યામસિંહે પોતાના સગા દિલિપસિંહ હરીસિંહ ઝાલા (રહે-હીરાબાગનો માઢ કટોસણ મહેસાણા) સાથે મળી ખોટા દસ્તાવેજ ઉભા કરીને જમીન બે કરોડમાં વેચી મારવાનો તખ્તો ઘડ્યો હતો. જમીન વેચાણ કરવા માટે આરોપીઓએ પ્રભુદાસ ચૌધરીના નામનું નકલી આધારકાર્ડ, ચુંટણીકાર્ડ, પાનકાર્ડ બનાવ્યું હતું. જેમાં નામ-એડ્રેસ તો તેમનુ હતું, પરંતુ ફોટો દિલિપસિંહ ઝાલાનો હતો. જે ધોળાકુવા અને પીયજ ગામના બે દલાલો મારફતે જમીન વેચવા માટે ફરતો હતો. જમીન દલાલો સેકટર-૨૬ ખાતે જમીન લે-વેચનું કામ કરતા વ્યકિતને ત્યાં પહોંચ્યા હતા. જેઓ અન્ય કોઈ નહી પરંતુ જમીન માલિકના સગા જ નીકળ્યા હતા. જેથીએ તેઓએ ફરીયાદીને ફોન કરીને જાણ કરી દીધી હતી કે તમારી પેથાપુર ગામની જમીનના સાત બારના ઉતારા સાથે આવ્યા છે અને બે કરોડમાં જમીન વેચાવાની વાત કરે છે. જમીનના માલિક પણ આવ્યા છે, હતીશભાઈએ પોતાના સંબંધીને તેઓને ચર્ચામાં રાખવાનું કહ્યું હતું. આ સમય દરમિયાન તેઓ તાત્કાલીક ગાંધીનગર ખાતે આવી પહોંચ્યા હતા. હતીશભાઈ ગાંધીનગર પહોંચ્યા ત્યારે દિલિપસિંહ ફરીયાદીને તેમના પિતના નામે એટલે કે પ્રભુદાસ ચૌધરીના નામે મળ્યો હતો. ફરીયાદીએ આધારપુરાવા માંગતા તેણે નકલી આધારકાર્ડ, ચુંટણીકાર્ડ, પાનકાર્ડ, બતાવ્યું હતું. ફરીયાદીએ તેમના સંબંધીએ સોદાની ચર્ચા ચાલુ જ રાખ્યા બાદ આરોપી દિલિપસિંહે ખોટી સહી કરીને એક લાખ રૂપીયા પેથાપુર ગામે રોકડા લીધેલ છે તેવી ચીઠ્ઠી લખીને ફરીયાદીના પિતાજીની ખોટી સહી કરી આપી હતી. ત્યારબાદ ફરીયાદીએ તેના સાચી હકીકત કહેતા તે ગેંગેફેફે થઈ ગયો હતો. તેણે ખોટા ડોકયુમેન્ટ પેથાપુરના ઘનશ્યામસિંહ ડાભીએ તૈયાર કરી આપ્યા હોવાની કેફીયત આપી હતી. આરોપીનો ભાંડો ફુટી ગયા પછી ફરીયાદીએ પોલીસને જાણ કરતા પોલીસે આરોપીને પકડી પાડ્યો હતો. સેકટર-૨૧ પોલીસે દિલિપસિંહ ઝાલાની ધરપકડ કરીનો મુખ્ય આરોપી ઘનશ્યામસિંહ ડાભીની શોધખોળ આદરી છે. તે ઉપરાંત પોલીસે બંન્ને જમીન દલાલો છેંતરપિંડીમાં સામેલ છે કે નહી તે દિશામાં પણ તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.



## લોનટેનીસ સ્પર્ધામાં ગાંધીનગરનો ડંકો...

સરકારી કર્મચારીઓ માટે યોજનાર ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસીસ-૨૦૧૯ અંતર્ગત લોનટેનીસ સ્પર્ધામાં ભાગ લેવા જનાર ગુજરાત ટીમની પસંદગી સચિવાલય જીમખાના, ગાંધીનગર ખાતે કરાઈ. જેમાં ઓપન ગ્રુપમાં મયુર પટેલ, જયેશ ગોહિલ, મેહુલકુમાર પટેલ, પ્રણવ પટેલ અને શિરિષ સુતરીયા નો સમાવેશ થયેલ છે. આ તમામ ખેલાડીઓ સચિવાલય જીમખાના, ગાંધીનગરના આજીવન સભ્યો હોઈ ગાંધીનગર શહેર માટે આ બાબત ગૌરવપૂર્ણ છે.



## શહેરના યુવાનને રાષ્ટ્રીય ગૌરવ સન્માન

ભારત સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત ઈન્ટરનૅશનલ યુથ સોસાયટી દ્વારા ગુજરાતમાંથી ગાંધીનગરના યુવાઅગ્રણી દિવ્ય ત્રિવેદીની પસંદગી કરવામાં આવી હતી. દિવ્ય ત્રિવેદીની નાની ઉંમરમાં સમાજ જાગૃતિના સદ્કાર્યો કર્યા કરવા માટે દિલ્લીમાં ઈન્ટરનૅશનલ યુથ સોસાયટીની જૂરી દ્વારા દિવ્યની પસંદગી કરવામાં આવી હતી. પોતાના દિલ્હી પ્રવાસમાં દિવ્ય ત્રિવેદીને આ એવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ભારત સરકારના કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી જી કિશન રેડ્ડી, કેન્દ્રીય રમત-ગમત અને યુવા સાંસ્કૃતિક મંત્રી કિરણ રિજિજૂ, કેન્દ્રીય એમએસએમઈ રાજ્યમંત્રી પ્રતાપ ચંદ્ર સારંગી, કેન્દ્રીય સામાજિક કલ્યાણ રાજ્યમંત્રી રામદાસ અથવાલે અને ડૉ અચ્યુત સામંતા ઈન્ટરનૅશનલ યુથ સોસાઈટીના સ્થાપક સદસ્ય અને માર્ગદર્શક છે. તેમના વડપણ હેઠળ દિવ્યની પસંદગી કરાઈ હતી. એવૉર્ડ પ્રાપ્તિ બાદ દિવ્યને લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા, કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી જી કિશન રેડ્ડી, અને ઈન્દોરના સંસદ શંકર લાલવાણીજીએ અભિનંદન આપ્યા હતા.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનું પ્રત્યેક બાળક સમગ્ર વિશ્વનો પ્રભાવિત કરશે

**એનઆઈઓએસના ચેરમેન પ્રો. ચંદ્રભૂષણ શર્માનું રાષ્ટ્રીય સેમિનારના ઉદ્‌ઘાટન પ્રસંગે ચોટદાર વક્તવ્ય : પ્રત્યેક પરિવાર સુધી પહોંચવાનો ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનો સંકલ્પ : કુલપતિ હર્ષદભાઈ શાહ**

ગાંધીનગર, તા. ૨૨

''બાળકના માનસને સમજવાનું કાર્ય મા-બાપ કરી શકે તે રીતે મા-બાપને માનસિક રીતે તૈયાર કરવાનું કાર્ય ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી કરે છે, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ભલે ગુજરાતમાં છે પરંતુ તેનું કાર્ય વૈશ્વિક છે'' આજે ગુજરાત ફોરેન્સિસાયન્સ યુનિવર્સિટીના ઓડિટોરિયમમાં પ્રારંભ થયેલા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના બે દિવસીય રાષ્ટ્રીય સેમિનારમાં યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહે સંસ્થા પરિચય આપતા જણાવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાનપદે રાષ્ટ્રીય મુક્તિ વિદ્યાલય-એનઆઈઓએસના ચેરમેન ચંદ્રભૂષણ શર્મા તથા શિક્ષા સંસ્કૃત ઉત્થાન ન્યાસના નેશનલ સેક્રેટરી અતુલ કોઠારી ઉપસ્થિત રહ્યાં હતા.




કુલપતિ હર્ષદભાઈ શાહે જણાવ્યું હતું કે ''ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનો પ્રત્યેક ઘર સુધી પહોંચવાનો સંકલ્પ છે કેમ કે પ્રત્યેક પરિવારમાં બાળક હોય છે, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી વિશ્વમાં એક માત્ર યુનિવર્સિટી છે જે બાળક જન્મે ને પહેલાથી તેની સંભાળ લેવાનું અને જન્મ લેનાર બાળક મહાન પ્રતિભાશાળી અવતરી શકે તે હેતુથી ભારતીય પ્રાચીન સંસ્કૃતિ આધારિત તાલીમ આપે છે. જેથી મહા પુરૂષોની શ્રૃંખલાનું ફરી નિર્માણ કરી શકાય.'' આ કાર્યક્રમમાં સંબોધન કરતા દિલ્હીથી પધારેલા એનઆઈઓએમના ચેરમેન ચંદ્રભૂષણ શર્માએ જણાવ્યું હતુ કે ''ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાંથી નીકળનાર પ્રત્યેક બાળક માત્ર ગુજરાત કે ભારત નહી પરંતુ સમગ્ર વિશ્વને પ્રભાવિત કરશે.'' તેમણે જણાવ્યુ હતુ કે ''શિક્ષણના અધિકાર અંગે આપણે ૧૦૦ વર્ષથી ચર્ચા કરીએ છીએ પરંતુ સેમિનારમાં કેવા શિક્ષણનો આપણને અધિકાર હોવો જોઈએ તે અંગે ચર્ચા થવી જોઈએ. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીએ નીતિ વિષયક વિચારણા કરવી પડશે અને સરકારે બાળકો તથા શિક્ષણને સમજી શકે તેવી સ્વતંત્ર સમિતિને શિક્ષણની દિશા નક્કી કરવાનું કામ સોંપવુ પાડશે, અધિકારીઓના ભરોસે હવે શિક્ષણ સુધરશે નહી.'' તેમણે દેશની ૭૦૦ જેટલી યુનિવર્સિટીમાંથી લગભગ એક આખી યુનિવર્સિટી જેટલાં યુવાનોએ છેલ્લાં એક વર્ષમાં આત્મહત્યા કરી લીધી છે તેવી સંવેદાનાત્મક વાત કરતા જણાવ્યું હતું કે ''ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી તથા હર્ષદભાઈ શાહે આ પડકાર ઝીલવો જોઈએ જેથી આવનારૂ બાળક એવું વિચારે કે મારૂ નહી સમગ્ર વિશ્વનું કલ્યાણ કેવી રીતે થશે.''

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના પ્રારંભિક બાળ સંભાળ અને વિકાસ'' વિષયે પ્રારંભ થયેલા રાષ્ટ્રીય સેમિનારના ઉદ્‌ઘાટન સમારંભના સમાપને હર્ષદભાઈ શાહ અને જ્યોતિબેન થાનકી લિખિત ત્રણ પુસ્તકો ''મારી ભાષા ગુજરાતી છે'', ''અજન્યા શિશુ કી અંર્તયાત્રા'' તથા ''ગર્ભ સંવાદ''નું લોકાર્પણ યોજાયુ હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમમાં ગુજરાતની અનેક યુનિવર્સિટીના કુલપતિઓ તથા પ્રાધ્યાપકો સહિત દેશના અનેક સ્થળોએથી પધારેલા વિદ્યાર્થીઓ-શિક્ષકો સંશોધકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.




AFS ઈન્ડિયા અંતર્ગત AFS ઈન્ટર સ્કૂલ ફેસ્ટ-૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યુ હતુ. વિવિધ સ્કૂલોએ ભાગ લીધો તેમાં સ્કૂલ મધર ટેરેસા વલ્ડ સ્કૂલ આ કાર્યક્રમના યજમાન બન્યા હતા. જે અંતર્ગત વિજેતા બાળકો હવે દિલ્હી મુકામે જશે અને રાષ્ટ્રીયકક્ષાએ પોતાનું પ્રતિનિધિત્વ કરશે. રાષ્ટ્રીય લેવલે વિજેતા બાળકોને AFS ઈન્ડિયા તરફથી અઢી લાખ અને બે લાખ જેવી સ્કોલરશીપ મળશે. આ કાર્યક્રમમાં AFS વોલિયન્ટર શ્વેતા સાધુ અને સિયા જોષીએ AFS પ્રોગ્રામનું પ્રેજન્ટેશન આપ્યુ હતુ. આ સાથે ઈટાલીથી મારિકા સ્વિત્ઝરલેન્ડથી આવેલ સિલવાને પણ આ કાર્યક્રમમાં પોતાની કન્ટ્રીનું પ્રેઝન્ટેશન કર્યુ હતુ. AFS ઈન્ડિયા પ્રેસિડેન્ટ (ગાંધીનગર ચેપ્ટર) ડૉ. વર્ષા પારેખે આ કાર્યક્રમ અંતર્ગત સંતોષ વ્યક્ત કરી આચાર્ય રાજી ડેનીસ અને મધર ટેરેસા પરિવારનો AFS ઈન્ડિયા વતી ખૂબ જ આભાર માન્યો હતો.

## બાલવા ખાતે અંબાજી માતા મૂર્તિ પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

પરમ વિદુષી બાલયોગીની પ.પૂ. સાધ્વી ગીતાદીદી પ્રેરિત ત્રિલોકનાથ વાત્સલ્ય વાટિકા અંબિકાધામ, બાલવા ખાતે અંબાજીની દિવ્ય વિરાટ ૩૪ ફૂટ ઊંચી મૂર્તિનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૧ અને ૨ ડિસેમ્બર દરમ્યાન યોજાશે.

આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત તા. ૧ ડિસેમ્બરના રોજ સવારે ૭ વાગ્યે યજ્ઞ પ્રારંભ તથા સાંજે ૮ વાગ્યે લોકડાયરો યોજાશે. તા. ૨ ડિસેમ્બરના રોજ સવારે ૯ થી ૧ દરમ્યાન વિરાટ ધર્મ સંમેલન અને બપોરે ૧૨.૩૯ કલાકે વિરાટ અંબાજી માતાની મૂર્તિ અનાવરણવિધિ યોજાશે.

આ મહોત્સવમાં અખિલ ભારતીય સંત સમિતિના અધ્યક્ષ પ.પૂ. આચાર્ય અવિચલદાસજી મહારાજ અને ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહેશે.

## આલમપુર ગામે બિમાર અબોલ ગાયની સારવાર કરતા જીવદયાપ્રેમીઓ

ગાંધીનગર તાલુકાના આલમપુર ગામે અબોલ રખડતી બિમાર ગાયને સારવાર અર્થે ગામના જીવદયાપ્રેમી યુવાને ૧૯૬૨ કરૂણા એનિમલ એમ્બ્યુલન્સને કોલ કરી બોલાવતા પશુ ચિકિત્સકની ટીમ ગામમાં આવી તુરત જ ગાયને જરૂરી સારવાર અને દવા ઉપચાર કર્યો હતો. આ રીતે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના અગ્રણી ટીનાજી આર. સોલંકી જીવદયા પ્રેમી યુવાનોએ કામગીરીમાં મદદરપ સેવા પુરી પાડી હતી.

## ગાંધીનગરથી પાલડીની બસમાં સ્વાતંત્ર્ય સેનાનીની અગત્યની ફાઈલ તથા ડાયરી ખોવાયા

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરથી પાલડી તરફ જતી સવારે આઠ વાગ્યાની એસટી બસમાં તા. ૨૧મી નવેમ્બર ગુરુવારના રોજ સ્વાતંત્ર્ય સેનાની મનસુખભાઈ પી. પંચાલ 'કુન્દન' મુસાફરી કરી રહ્યા હતા ત્યારે તેમની અગત્યની ફાઈલ તથા વર્ષ ૨૦૧૯ની ડાયરી ગુમ થવા પામી છે. તેઓ સ્વાતંત્ર્ય સેનાની માટેની બેઠકની આગળની સીટમાં મુસાફરી કરી રહ્યા હતા. ગુમ થયેલી ફાઈલમાં નેતાઓની તસવીરો ઉપરાંત ધાર્મિક તસવીર સાથે તેમના માટે ખૂબ અગત્યના કાગળો હતા તેમજ ડાયરીમાં અગત્યના સરનામા સહિતની નોંધ હોવાથી આ ફાઈલ અને ડાયરી સ્વાતંત્ર્ય સેનાની માટે ખૂબ મહત્વની ચીજવસ્તુ છે. જે કોઈ મુસાફર કે અન્ય વ્યકિતને આ ફાઈલ તથા ડાયરી મળે અથવા તેના અંગે માહિતી મળે તેમણે સે-૨ ૩માં શ્રી અરવિંદ કેન્દ્ર ખાતે ડૉ. તન્નાને પહોંચાડવા વિનંતી કરવામાં આવી છે. ફાઈલ-ડાયરી પરત આપનારને યોગ્ય ઈનામ આપવામાં આવશે તેવું સ્વાતંત્ર્ય સેનાની દ્વારા જણાવાયું છે.

## બરોડા એપેકેસ એકેડેમીનો ૫૫મો સ્થાપના દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા.૨૨

બરોડા એપેકેસ એકેડેમીના ૫૫માં સ્થાપના દિન નિમિત્તે, બેંક ઓફ બરોડાએ તા. ૨૧મી નવેમ્બરે 'શિક્ષાર્થી દિવસ'ની ઉજવણી કરી હતી. રિસર્ચ, લર્નિંગ એન્ડ ડેવલપમેન્ટ માટે એપેકસ ઈન્સ્ટિટયૂટની વર્ષ ૧૯૬૪માં તા. ૨૧મી નવેમ્બરે સ્ટાફ કોલેજ-અમદાવાદ તરીકે સ્થાપના કરવામાં આવી હતી અને હાલમાં ગુજરાત રાજયના પાટનગર ગાંધીનગર ખાતે સ્થિત છે. સમારોહના મુખ્ય મહેમાન ઝાયડસ ગ્રુપના સુનિલ પારેખે તેમના પ્રવચન દરમિયાન બેંકિંગ ક્ષેત્ર તથા લર્નિંગ એન્ડ ડેવલપમેન્ટ ક્ષેત્રમાં આઈઓટી એટલે કે ઈન્ટરનેટ ઓફ થિંગ્સ અને એઆઈ એટલે કે આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સના મહત્વ પર ભાર મૂક્યો હતો. બેંકની તમામ શાખાઓ અને વહીવટી કચેરીઓમાં આ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. ફંકશનમાં બેંકે તેના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ રોબોટ નામે બરોડા બ્રેઈની પણ પ્રદર્શિત કર્યો હતો. કાર્યક્રમના સમાપને પ્રેક્ષકોને સંબોધન કરતી વેળાએ પ્રમુખ એપેકસ એકેડેમી અને પ્રભારી મુખ્ય શિક્ષણ અધિકારીએ બેંકિંગ ઉદ્યોગમાં લર્નિંગ એન્ડ ડેવલપમેન્ટની ભૂમિકા પર ભાર મૂકયો હતો.

## સેકટર-૩૦ સર્કલ પાસેથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર શહેરના છેવાડે આવેલા સેકટર-૩૦ સર્કલ ખાતે સર્કલમાં ઉગી નીકળેલ મહેદીનું કટીંગ કરનાર આવનાર શખ્સના બાઈકની ઉઠાંતરી ગત તા.૭-૮-૧૯ ના રોજ થવા પામી છે. જયારે બાઈકની પોતાની રીતે શોધખોળ કરવા છતા આજદિન સુધી ન મળતા પોલીસ ફરીયાદ નોંધાઈ છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૯ જીબી.૧૪ સર્વન્ટ કવાટર્સ ખાતે રહેતા સુરેશ બાબુભાઈ હરીજન (ઉં.વ.૪૧) પોતાની પત્ની અને બે પુત્રો સાથે રહે છે. અને લેકાવાડ ખાતે એરફોર્સના હેડ કવાર્ટર ખાતે સિવિલીયન પટાવાળા તરીકે ફરજ બજાવે છે. સેકટર-૩૦ ખાતે એરફોર્સના સિમ્બોલ તરીકે પ્લેન મુકવામાં આવ્યું છે. જેને પગલે સેકટર-૩૦ સર્કલની જાળવણીની જવાબદારી એરફોર્સ સંભાળે છે. જેને પગલે ગત તા.૭-૮-૧૯ ના રોજ સવારે ૮ કલાકે મહેંદીનું કટીંગ કરવાનું હોવાથી બાઈક નં. જી.જે.૧૮સી.કે.૩૮૯૩ નંબરનું વર્ષ ૨૦૧૫ ના મોડલ બાઈક સેકટર-૩૦ સર્કલ પાસે આવેલા બસ સ્ટેન્ડ ખાતે પાર્ક કર્યું હતું.ત્યારબાદ સુરેશભાઈ કામ પૂર્ણ કરીને ૧૧ વાગ્યાના અરસામાં જોયું તો પોતાનું બાઈક જે તે સ્થળે ન હતું.

## મહાત્મા મંદિર ખાતે મહેસૂલ વિભાગ દ્વારા લેવાયેલ

# ક્રાંતિકારી નિર્ણયો સંદર્ભે માર્ગદર્શક કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં સમગ્ર મહેસૂલી સેવાઓને ઈઝ ઓફ રેવન્યુ સર્વિસીસના ટેકનોલોજી છત્ર તળે કાર્યરત કરવાના ગૌરવશાળી સમારોહમાં સ્પષ્ટ મત વ્યકત કર્યો કે ટેકનોલોજી સાથે વ્યવસ્થા જોડીને ગુજરાતના મહેસૂલ વિભાગે અશકયને શકય બનાવ્યું છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે વહિવટનો મુખ્ય આધાર મહેસૂલ તંત્ર છે. મહેસૂલી પ્રક્રિયા લોકહિત માટે હોય છે. લોકો કાયદાથી ત્રાહિમામ ન થાય પરંતુ કાયદાને માન-સન્માન આપે તેવું સરળીકરણ ટેકનોલોજીયુકત વ્યવસ્થાઓથી લાવવામાં ગુજરાતે દેશનું દિશાદર્શન કર્યુ છે.








નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, મહેસૂલ મંત્રી કૌશિકભાઈ પટેલ સહિત રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓ આ અવસરે ઉપસ્થિત હતા.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ મહેસૂલમાં ક્રાંતિ સમાન 'ઈછ-૨.૦' નો શુભારંભ પણ કરાવ્યો હતો.

રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતમાં લેવાયેલા 'મહેસૂલી ક્રાંતિકારી નિર્ણયો' અંગેના પુસ્તકનું વિમોચન મુખ્યમંત્રી અને મહાનુભાવોએ કર્યુ હતું. મહાનુભાવોના હસ્તે મહેસૂલ ખાતાની વિવિધ વિષયોને લગતી ઓનલાઈન સેવાઓને સંબંધિત લાભાન્વિત તમામ જિલ્લાઓના નાગરિકોને પ્રતિકરૂપે પ્રમાણપત્ર અને હુકમોનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

તેમણે ગુજરાતને વિકાસના રોલ મોડેલ તરીકે દેશ-દુનિયામાં પ્રસ્થાપિત થવામાં આ મહેસૂલમાં ક્રાંતિકારી નિર્ણયો-ટેકનોલોજીયુકત આયામો નવું સિમાચિન્હ બનશે તેવી અપેક્ષા પણ વ્યક્ત કરી હતી.

વિજયભાઈ રૂપાણીના હસ્તે લાભાર્થીઓને પ્રમાણપત્ર વિતરણ પણ કરવામાં આવ્યા હતા.

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે મહેસૂલ વિભાગમાં ક્રાંતિકારી નિર્ણયો માટે લેવાયેલ પગલાંઓને આવકારતાં કહ્યું કે, વિશ્વમાં અનેક પ્રકારની ક્રાંતિઓ થઈ છે ત્યારે નાગરિકોને અપાતી સેવાઓને ઝડપી, પારદર્શી અને સરળતાથી પૂરી પાડવા તેમજ જમીનને લગતી સેવાઓ છેવાડાના માનવીઓને પુરી પાડવા માટેની આ ઓનલાઈન સુવિધાઓ ચોક્કસ અસરકારક બનશે.

પટેલે કહ્યું કે મહેસૂલ વિભાગ એવો વિભાગ છે કે તેની નાગરિકો સહિત સરકારને પણ ખૂબ જ જરૂર પડે છે. તમામ ક્ષત્રોમાં વિકાસ કરવો હોય, પ્રોજેકટનું નિર્માણ કરવું હોય તો મહેસૂલ વિભાગ દ્વારા મંજૂરીઓ મેળવવી પડતી હોય છે ત્યારે મહેસૂલ વિભાગે ટેકનોલોજીના માધ્યમ દ્વારા 'ઈછ-૨.૦ નું આજે લોન્ચીંગ કર્યુ છે, જે ચોક્કસ મહત્વનું સાબિત થશે અને લોકોને ઝડપી સેવાઓ મળતી થશે.